મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

૧૫-૦૨-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૧૪
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

## પ્રતિનિધિ ચૂંટવાના લોકોનો અધિકાર છીનવવામાં ભાજપે કોઈ કસર ન છોડી અને કોંગ્રેસે તે થવા દીધુ

# સ્થાનિક ચૂંટણી : પ્રજાના પ્રશ્નો કરતા લેટર-મેંડેટકાંડ અને પક્ષાંતર વધુ ચર્ચામાં રહ્યા : ભાજપે શામ-દામ-દંડ-ભેદનો ઉપયોગ કરી બિનહરિફોની કતાર બનાવી

**લોકોને ચૂંટણીમાં ભાગ્યે જ કોઈ રસ પડયો : પાયાની સંસ્થાઓની ચૂંટણીમાં સ્થાનિક સ્વરાજયને મજબૂત કરવાની તક સૌએ ગુમાવી : વધુ નબળી કરવામાં જોડાઈ ગયા**

**ભાજપે શામ-દામ-દંડ-ભેદનો ઉપયોગ કરી બિનહરિફોની કતાર બનાવી : કોંગ્રેસ મોવડીમંડળ શરણાગતિ જેવી સ્થિતિમાં**

**હવે મંગળવારે પરિણામો પણ અપેક્ષિત લાઈન મુજબ જ આવશેઃ જીતેલા રાજકીય સ્વાર્થ સાથે સતા સાથે જોડાઈ જશેઃ ઓબીસી અનામત એ ટેસ્ટ કાર્ડ પણ બની ન શકયુ**


**સ્ટાર પ્રચારક મુખ્યમંત્રી-પ્રદેશ પ્રમુખ તો પ્રચારથી દૂર જ રહ્યા : પ્રચારકોની યાદીમાં પણ રાજકીય દાવ કાઢી લેવાયો**

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

ગુજરાતમાં 'મીની ધારાસભા' તરીકે ઓળખાતી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીના એક મહત્વના રાઉન્ડમાં જૂનાગઢ મહાપાલિકા ઉપરાંત ૬૮ નગરપાલિકા, ૩ તાલુકા પંચાયત અને મહાપાલિકાની જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ખાલી પડેલી બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીઓમાં આજે જાહેર પ્રચારના પડઘા શાંત થયા બાદ રવિવારના મતદાન બાદ તા.૧૮ના પરિણામોમાં ભાગ્યે જ કોઈ આશ્ચર્યજનક લોકચૂકાદો આવે તેવી ધારણા છે.

વાસ્તવમાં સમગ્ર ચૂંટણી જે દેશની લોકશાહી માટે પાયાનું કામ કરતી સ્થાનિક ચુંટણીઓ છે તેમાં ભાગ્યે જ 'લોકશાહી' જેવી કોઈ સ્થિતિ જોવા મળી તો લોકોમાં પણ આ ચુંટણીમાં ભાગ્યે જ કોઈ ઉત્સાહ જોવા મળ્યો અને પરિણામો પણ અપેક્ષિત હશે તેવા સંકેત છે. રાજયમાં પ્રથમ વખત સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ૨૭% ઓબીસી અનામતના અમલ સાથે આ ચુંટણીઓ યોજાઈ છે પણ ઓબીસી કાર્ડની કોઈ કસોટી જેવી સ્થિતિ બની નથી.

મુખ્ય જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હતો અને પ્રજાને સીધા સ્પર્શતા તેના ઘરની આસપાસના પ્રશ્નો સાથેની આ ચૂંટણીમાં પ્રજાના પ્રશ્નોના બદલે ભાજપના લેટરકાંડથી લઈને મેન્ડેટ કાંડ અને પક્ષાંતર-ઉમેદવારી પાછી ખેચવા જેવા મુદાઓ જ છેક છેલ્લે સુધી હાવી થતા જોવા મળ્યા




હતા. સૌથી મહત્વનું આ ચુંટણીમાં ગુજરાત ભાજપનું ટોચનું નેતૃત્વને જીતનો વિશ્વાસ પ્રથમ દિવસથી જ હોય તેવા સંકેત હતા.

ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ હોવા છતાં પણ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ જુનાગઢ મહાપાલિકા જેવી મહત્વની ચૂંટણીથી પણ પ્રચારમાં જોડાયા નહી અને મર્યાદીત મંત્રીઓને ખાસ જવાબદારી સોંપાઈ હતી પણ ભાજપના સ્ટાર પ્રચારકની યાદી ખાસ કરીને અગાઉ મેન્ડેટકાંડથી ચર્ચાસ્પદ બનેલી જેતપુર નગરપાલિકાની ચૂંટણીમાં વિવાદ સર્જી ગઈ.

આ ચુંટણીની જવાબદારી જેને ખભે છે તે પદ જયેશ રાદડીયાને સ્ટાર પ્રચારક બનાવાયા નહી અને તેમના વિરોધી જૂથના ગણાતા યુવા ભાજપના પ્રમુખ પ્રશાંત કોરાટને આ યાદીમાં સ્થાન અપાયું. આમ આ ચુંટણી પણ પોલીટીકલ મેસેજનુ માધ્યમ બની ગઈ તો બીજી તરફ ઉમેદવારો જાહેર થતા જ જે રીતે જૂનાગઢમાં ભાજપે ૮ બેઠકો બીનહરીફ જીતી તેમાં પણ ઓપરેશન લોટસ હવે આ માઈક્રો લેવલ સુધી પહોંચી ગયું હોવાનો સંકેત મળી ગયો.

લોકોને તેના પ્રતિનિધિ પસંદ કરવાનો અધિકાર છીનવવામાં ભાજપે કોઈ કસર બાકી રાખી ન હતી. ભચાઉ જેવી નગરપાલિકામાં પ્રચાર ચાલુ થાય તે પુર્વે જ પરિણામ નકકી થઈ ગયા જેવી સ્થિતિ બનાવી દેવાઈ હતી તો બીજી તરફ કોંગ્રેસ પક્ષ રાબેતા મુજબ હારવા માટે જ ચુંટણી લડતો હોય તેવું દ્રશ્ય હતું. લોકશાહી અને બંધારણ બચાવવાની વાટો કરી સંસદ ખોરવનાર કોંગ્રેસે તેના માટે પાયાની લડતમાં પણ પોતાના પગ પાછા ખેચી લીધા હોય તેવું દ્રશ્ય બનાવી લીધુ.

આગામી વિધાનસભામાં આ પક્ષને મજબૂત લડત આપવા આ ચુંટણી ગ્રાઉન્ડ બનાવવા જેવું હતું પણ તે ચુકી ગયાનો અહેસાસ જોવા મળ્યો હતો. વાસ્તવમાં આ ચુંટણી હવે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને મજબૂત બનાવી લોકશાહી તથા લોકોની સુવિધાઓ પ્રત્યે રાજકીય પક્ષો જાગૃત છે તે દર્શાવવાની તક હતી પણ તે ચુકી જવાઈ તેની ખુદ ભાજપ પણ ફકત સતાના સમીકરણ માટે જ આ ચુંટણીને માધ્યમ બનાવતી હોય તે નિશ્ચિત થયું.

સૌથી રસપ્રદ બાબત એ છે કે, હાલ પક્ષમાંથી બળવા કરી અપક્ષ તરીકે ચુંટણી લડનાર ભાજપ-કોંગ્રેસના નેતાઓ જો ચુંટાઈ જશે તો ફરી તેના પક્ષમાં કે જયાં સતા હશે ત્યાં સમાઈ જશે અને તેમને સ્વીકારી લેવામાં આવશે. આમ જીત એ પક્ષ વિરોધી પ્રવૃતિમાં માફક કરવાનું સાધન બની જશે.

## આ પ્રોજેક્ટ માટે L&T EduTech સાથે LearnKonnect પ્રોગ્રામ હેઠળ MoU કરનાર ગુજરાતની પ્રથમ યુનિવર્સિટી બની છે

# વિદ્યાર્થીઓના શિક્ષણ અને કારકિર્દીની સંભાવનાઓને મજબૂત કરવા માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી અને L&T EduTech વચ્ચે MoU

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

વિદ્યાર્થીઓના શિક્ષણ અને કારકિર્દી માટે નવી આશાઓ સર્જવાતા એક મહત્વપૂર્ણ વિકાસમાં, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી (SPU) અને L&T EduTechએ એક મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ MoU દ્વારા બંને સંસ્થાઓએ વિદ્યાર્થીઓને આધુનિક અને વ્યવસાયિક દ્રષ્ટિએ સજ્જ કરવાની મિશન માટે આગળ વધવા માટે સહયોગ દર્શાવ્યા છે.



સાંકળચંદ પટેલ યુનિવર્સિટી એ આ પ્રોજેકટ માટે L&T EduTech સાથે LearnKonnect પ્રોગ્રામ હેઠળ MoU કરનાર ગુજરાતની પ્રથમ યુનિવર્સિટી બની છે. આ MoU, સાંકળચંદ પટેલ યુનિવર્સીટી દ્વારા ૨૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓને આ અભ્યાસક્રમ વિનામૂલ્યે આપવામાં આવશે અને એનો સમસ્ત ખર્ચ યુનિવર્સીટી દ્વારા ઉઠાવવામાં આવશે. એંજીન્યરિંગ, મેનેજમેંટ અને કમ્યુનિકેશન સ્કિલ્સ ના વિવિધ વિભાગોને આવરી લેતા ૧૨૫૦ જેટલા અભ્યાસક્રમો ને LearnKonnect પ્રોગ્રામ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ અભયસક્રમ ના પ્રમાણપત્ર થી વિદ્યાર્થીને જોબ પ્લેસમેંટમાં અગ્રિમતા મળશે.

SPUના પ્રમુખ, શ્રી પ્રકાશ પટેલે જણાવ્યું,'આ MoU ઉદ્યોગની માંગ અને અભ્યાસક્રમોના અંતરને દૂર કરશે, વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી માટે જરૂરી જ્ઞાન અને કુશળતા પૂરી પાડે છે.'

L&T EduTechના હેડ - ડોમેસ્ટિક માર્કેટિંગ, શ્રી સંજીવ શર્માએ આ રેં વિષે જણાવ્યું કે, 'આ સહયોગ, સ્વતંત્ર શિક્ષણના પ્રોત્સાહન માટેનું એક મજબૂત પગલું છે. LearnKonnect પદ્ધતિથી અમે વિવિધ વિષયો પર ક્યુરેટેડ અભ્યાસક્રમો દ્વારા વિદ્યાર્થીઓના કૌશલ્ય અંતર દૂર કરીશું.'

L&T EduTechની લીડ-પ્રોડક્ટ અને સોલ્યુશનિંગ, શ્રીમતી અનુએ ઉમેર્યું, 'આ ભાગીદારી, વ્યાવસાયિક પથ પર આવતા વિદ્યાર્થીઓને કૌશલ્ય વિકસાવવાનો અને સતત અપસ્કિલિંગ માટેની અનમોલ તક પૂરી પાડશે.'આ પ્રસંગે પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાણી એ જણાવ્યું હતું કે, 'આ ભાગીદારી SPUના શૈક્ષણિક માળખામાં ડિજિટલ શિક્ષણ અને ઉદ્યોગ સંબંધિત માહિતીના મિશ્રણથી શિક્ષણના અનુભવને વધુ વ્યાવસાયિક બનાવશે.'

આ પ્રસંગે ડાયરેક્ટર ડો. એચ. એન. શાહ, તેમજ જીઁના શૈક્ષણિક વડાઓ અને L&T EduTechના પ્રતિષ્ઠિત અધિકારીઓની હાજરી હતી. આજરોજ LearnKonnect પદ્ધતિ વિષે, ડીન ડો કિરીટ મોદી અને ડો જીતેન્દ્ન શર્મા એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં કૉલેબરેશનની સફળતા માટે જરૂરી માર્ગદર્શિકા પુરી પાડી હતી. આ કાર્યક્રમ માં પ્રિન્સિપાલ BBA અને BCA એ ઉપસ્થિતિ આપી હતી. આ પ્રોગ્રામ નું કોઓર્ડિનેશન ડો મલય ભટ્ટ દ્વારા કરવામાં આવશે. આ સહયોગ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી અને L&T EduTechની પ્રતિબદ્ધતા દર્શાવે છે કે બંને સંસ્થાઓ, તેમના વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે, શૈક્ષણિક, કૌશલ્ય અને ઉદ્યોગ માટે મજબૂત આધાર પ્રદાન કરશે.


## મહાનગરપાલીકાએ શહેરને સ્વચ્છ રાખવાની મુહિમને વેગવંતી બનાવી છે

# મહેસાણામાં હવે ગંદકી ફેલાવનારની ખેર નહિ : એક જ દિવસમાં ૨૭,૮૦૦નો દંડ ફટકાર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

મહેસાણા મહાનગરપાલિકાએ શહેરને સ્વચ્છ રાખવાની મુહિમને વેગવંતી બનાવી છે.

તંત્ર દ્વારા શહેરની જાહેર જગ્યાઓ અને રસ્તાઓની સફાઈ બાદ હવે ખાનગી મિલકતો અને વાણિજિયક વિસ્તારોમાં ગંદકી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



મનપાની સેનેટરી શાખાના કર્મચારીઓને વિવિધ વોર્ડમાં રાત-દિવસ દરમિયાન અચાનક તપાસ માટે મોકલવામાં આવે છે. આ ઝુંબેશ અંતર્ગત એક જ દિવસમાં સાત વોર્ડમાંથી કુલ ૨૭,૮૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે. જેમાં સૌથી વધુ નાગલપુર વોર્ડમાંથી ૧૭,૫૦૦, સ્ટેશન વોર્ડમાંથી ૪,૯૦૦, બિલાડી બાગ વોર્ડમાંથી ૧,૭૦૦, રાધનપુર વોર્ડમાંથી ૨,૦૦૦, પરા વોર્ડમાંથી ૧,૦૦૦ તથા પટવા પોળ અને ગોદામ વોર્ડમાંથી ૫૦૦-૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે.

વિશેષમાં, કસ્બા વિસ્તારના એક કોમ્પ્લેક્સ આગળ જામેલી ગંદકી દૂર કરાવી તેના જવાબદારો પાસેથી સ્થળ પર જ સફાઈ કરાવવામાં આવી હતી. મનપા તંત્રએ ચેતવણી આપી છે કે વારંવાર ગંદકી ફેલાવનારાઓ સામે કડક પગલાં લેવામાં આવશે. આ સાથે શહેરીજનોને પણ સ્વચ્છતા જાળવવા માટે જાગૃત કરવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.


ફ્લેટ વેચવાનો છે
મહેસાણા પોશ વિસ્તારમાં
પહેલા માળે, 2 BHK, ફુલ ફર્નિચર,
૨૪ કલાક પાણીની સગવડ સાથે, લીફ્ટની સગવડ
શ્રી નાથજી રોયલ ફ્લેટ
ગંજ બજારની પાછળ, બ્રહ્માણી મંદિરની સામે,
મહેસાણા. મો. ૯૫૩૭૫ ૩૩૭૧૧

## શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાઈ

# મહેસાણાના ધોબીઘાટ વિસ્તારમાં ગાળો બોલવાની ના પાડતાં ત્રણ શખ્સોએ ઘરમાં ઘૂસી હિંસક હુમલો કર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

મહેસાણાના ધોબીઘાટ વિસ્તારમાં એક ગંભીર ઘટના સામે આવી છે, જ્યાં ત્રણ શખ્સોએ એક ઘરમાં ઘૂસી હિંસક હુમલો કર્યો હતો. મંગળવારે બનેલી આ ઘટનામાં મુલ્લા રીયાઝ હુસેન, મુલ્લા મોઈનહુસેન અને મુલ્લા અમલ હુસેન નામના ત્રણ શખ્સોએ વસંતસિંહ માનસિંહ ચાવડાના ઘરે આવી હુમલો કર્યો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ, શરૂઆતમાં મુલ્લા રીયાઝ હુસેન ફરિયાદીના ઘરે આવ્યો હતો અને ફોઈના દીકરા વિશે પૂછપરછ કરી હતી. ત્યારબાદ તેણે ઘરમાં ઘૂસીને વાસણો વેરવિખેર કર્યા હતા. થોડા સમય બાદ અન્ય બે શખ્સો સાથે પાછો આવ્યો અને ગાળાગાળી શરૂ કરી હતી. જ્યારે ફરિયાદી પક્ષે તેમને ગાળો બોલવાની ના પાડી, ત્યારે આરોપીઓએ હિંસક હુમલો કર્યો હતો.

હુમલામાં એક શખ્સે લોખંડની પાઈપ વડે વસંતસિંહને બરડા અને કલાઈના ભાગે મારી ઈજા પહોંચાડી હતી. બીજા આરોપીએ બાઠ ભીખાજીને ગડદાપાટુનો માર માર્યો હતો, જ્યારે ત્રીજા શખ્સે જયદીપભાઈને કપાળના ભાગે ઈજા પહોંચાડી હતી. આરોપીઓએ જતા જતા જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી.

મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદી વસંતસિંહ મૂળ અસારા, તાલુકો વાવના રહેવાસી છે, જ્યારે આરોપીઓ શુકન બંગલોઝ, શોભાસણ રોડના રહેવાસી છે.

## નાળામાં છેલ્લા છ મહિનાથી ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા છે

# મહેસાણામાં માનવ આશ્રમ વિસનગર લિંક રોડ પર નાળાની સફાઇ કરવા કોંગ્રેસની રજુઆત



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

મહેસાણામાં માનવઆશ્રમ વિસનગર લિંક રોડ શ્યામ વિહાર સોસાયટી, તિરુપતિ બંગ્લોઝ સહિત ૪૦ સોસાયટીઓને સ્પર્શતા રોડ નજીક આવેલ વરસાદી પાણી નિકાલના નાળામાં છેલ્લા છ મહિનાથી ઝાડી-ઝાંખરા અને ઘાસ ઉગી નીકળતાં ગંદકીનો ઉપદ્રવ ફેલાયેલો છે.

વિસ્તારમાંથી પસાર થતાં લોકોને તીવ્ર દુર્ગંધ આવી રહી છે. ત્યારે ઝડપથી આ નાળાની સફાઈ કરવા પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી મુકેશ પટેલ દ્વારા મહાનગરપાલિકામાં રજૂઆત કરાઈ છે.

વેચવાની છે
ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ ફોર વ્હીલર વાહન વેચવાનું છે
MARUTI ECO
MODEL 2019
VEHICLE NO.
GJ 24-AF 7081
MARUTI ALTO LXI
MODEL 2016
VEHICLE NO.
GJ01RV1068
MARUTI SWIFT
MODEL 2014
VEHICLE NO.
GJ 03 HA 0308
સંપર્ક : મિતેષ કંસારા
7043999511




# પોતાનો જ ઈતિહાસ ભૂંસવા મથતું બાંગ્લાદેશ

બાંગ્લાદેશની હાલત બદથી બદતર થતી જાય છે. અહીં ભીડતંત્ર હાવી થઈ ગયું છે. સતત તોડફોડ થઈ રહી છે. હિંદુઓ પર વીણી વીણીને હુમલા કરાય છે. ગત અઠવાડિયે બંગબંધુ શેખ મુજીબુર્રહમાનનું ઘર હજારોની ભીડે તોડી નાખ્યું, કારણ કે ત્યાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાનું વર્ચ્યુઅલ સંબોધન થવાનું હતું. આ બધું ઈતિહાસ મિટાવવાના દાવા સાથે થઈ રહ્યું છે. અરાજકતા હવે એટલી વધી ગઈ છે કે પોલીસ અને ફોજ મળીને પણ સ્થિતિ સંભાળી નથી શકતા. તેનું નુક્સાન બાંગ્લાદેશને ખૂબ થઈ રહ્યું છે. એક સમયે ત્યાંની ફેક્ટરીઓ બાંગ્લાદેશના વિકાસ દરની વાહક હતી, પરંતુ જ્યારથી શેખ હસીનાનો તખ્તાપલટ થયો છે, ત્યારથી ૧૦૦થી પણ વધારે ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે, જેનાથી તેમાં કામ કરનારી લગભગ ૧૦ લાખ છોકરીઓ બેરોજગાર થઈ ગઈ છે. ભૂખ અને બેકારી એટલી વધી ગઈ છે કે માનવ તસ્કરીમાં પણ વધારો થઈ ગયો છે. હાલમાં ઘૂસણખોરીનો ખતરો પણ વધી ગયો છે. સારી વાત છે કે બાંગ્લાદેશ સાથે જોડાયેલી સીમા પર આપણી તૈનાતી ચાકચોબંદ છે. હાલમાં ડ્રગ્સ, પશુઓ, ખાવા-પીવાનો સામાન વગેરેની તસ્કરીના પ્રયાસો પણ ખૂબ થઈ રહ્યા છે.

બાંગ્લાદેશની વચગાળાની કઠપૂતળી સરકાર સંપૂર્ણ નિષ્ફળ દેખાઈ રહી છે, કારણ કે તેમાં મોટાભાગે એવા લોકો છે, જેમને રાજકારણનો કશો અનુભવ નથી. ખુદ મોહંમદ યુનુસ, જે આ સરકારનો વડો છે, તે રાજકારણમાં ડચકાં ખાઈ રહ્યો છે, કારણ કે તેને તરતાં નથી આવડતું. જોકે તેણે ૨૦૦૭માં રાજકારણમાં હાથ અજમાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેને નિષ્ફળતા મળી હતી. અસલમાં શાંતિનો નોબેલ પુરસ્કાર જીતનાર યુનુસ ભલે એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ કહેવાતો હોય, પરંતુ તે છે અમેરિકાની કઠપૂતળી. આ જ કારણ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પણ ઢાકાની હાલત પર નજર રાખીને બેઠો છે.

જોકે એક વર્ગ એવું પણ માને છે કે મોહંમદ યુનુસના દિવસો હવે પતી જવાના છે, કારણ કે વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પનું આગમન થઈ ગયું છે. યુનિસના બિલ ક્લિન્ટન, બરાક ઓબામા જેવા ડેમોક્રેટ રાષ્ટ્રપતિઓ સાથે સારા સંબંધો હતા, પરંતુ રિપબ્લિકન સાથે નહીં. વિકિલીક્સના કેટલાય ખુલાસા તેની સાહેદી આપે છે. એવામાં નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે તેનો સંબંધ કેટલો આગળ વધી શકશે કહેવું મુશ્કેલ છે.

વચગાળાની સરકાર એટલા માટે પણ હાલત નથી સંભાળી શકતી, કારણ કે તે ભાનુમતિના પટારા જેવી છે. અલગ-અલગ ક્ષેત્રોના લોકોને તેમાં ભરી દીધા છે. તેમાં છાત્ર સંગઠનો અને જમાત-એ-ઈસ્લામી જેવા કટ્ટરવાદી પક્ષોનું ખૂબ ચલણ છે. એટલું જ નહીં, હિઝ્બ ઉત-તહરીર, હિફાઝતે ઈસ્લમામ બાંગ્લાદેશ જેવાં કટ્ટરપંથી સંગઠનો પણ તેમાં સામેલ છે. વલી આ સરકારને અત્યાર સુધી બંધારણીય માન્યતા પણ નથી મળી શકી. અવામી લીગથી જમાત અને છાત્ર સંગઠનોની નારાજગી અત્યાર સુધી એટલે બની રહી છે, કારણ કે શેખ હસીના ભારતમાં નિર્વાસિત જીવન જીવી રહ્યાં છે. વડાપ્રધાન પદ પર રહેતાં શેખ હસીનાએ મુક્તિ સંગ્રામ (બાંગ્લાદેશ સ્વાધીનતા આંદોલન)માં જમાતે ઈસ્લામી જેવા પક્ષોની તપાસ કરવાનું એલાન કર્યું હતું અને તેના દોષી નેતાઓને ફાંસી આપી દીધી હતી. જોકે પાકિસ્તાન અને અમેરિકા જેવા દેશ હસીનાને પસંદ નહોતા કરતા, તેથી તેમણે છાત્રોના આંદોલનને હવા આપી, જે સ્વાધીનતા સેનાનીઓને અનામત આપવા વિરુદ્ધ ચાલી રહ્યું હતું.

એવું નથી કે બાંગ્લાદેશમાં ભારત-વિરોધી માનસિકતા અત્યારે જ દેખાઈ રહી છે. આ માનસિકતા પહેલેથી જ છે, ૧૯૪૭થી. ૧૯૭૧ના યદ્ધમાં પણ જેમાં બાંગ્લાદેશને પાકિસ્તાનથી મુક્તિ મળી હતી,પૂર્વ પાકિસ્તાનમાં લગભગ ૩૦ ટકા એવા લોકો હતા, જે પાકિસ્તાનના ટુકડા નહોતા ઈચ્છતા. એવા લોકોનું પ્રતિનિધિત્વ જ જમાતે ઈસ્લામી જેવા રાજકીય પક્ષો કરતા હતા. એ જ કારણ છે કે કટ્ટરપંથીઓના પ્રભાવવાળી આજની બાંગ્લાદેશી હકૂમત કશું સમજ્યા-વિચાર્યા વિના જ નિર્ણય લઈ રહી છે. તેમાં કોઈ દેશનો નક્શો બદલવાની વાત કરે છે તો કોઈ ઈતિહાસ બદલવાની. એ તો ખબર નથી કે દેશને ક્યાં લઈ જવો છે.

તંત્રી : પ્રકાશ ચૌધરી

## ગુજરાત હવે યુવાનોને રાજકારણનાં પાઠ ભણાવશે

# ગાંધીનગરમાં રૂ.૧૫૦ કરોડનાં ખર્ચે તૈયાર થશે ખાસ કેમ્પસઃ મુખ્યમંત્રીનાં હસ્તે ભૂમિપૂજન કરાયું

અમદાવાદ,તા.૧૪

અમદાવાદઃ ગ્લોબલ લીડર બની રહેલા ભારતમાં યુવા અને ઉત્સાહી નેતૃત્વ ધરાવતું માનવ સંસાધન ઊભું કરવાનો નવતર અભિગમ સ્કૂલ ઓફ અલ્ટિમેટ લીડરશીપ (SOUL) દ્વારા અપનાવવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જઘગ્ગકના આ અભિગમને વાસ્તવિક સ્વરૂપ આપતા અદ્યતન કેમ્પસનું ભૂમિ પૂજન કર્યું હતું. આ કેમ્પસ ગાંધીનગરમાં ગિફ્ટ સિટી રોડ પર ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી નજીક ૨૨ એકર વિસ્તારમાં અંદાજિત રૂ.૧૫૦ કરોડના ખર્ચે આગામી બે વર્ષમાં નિર્માણ પામશે.



પીએમ મોદીએ કોઈપણ રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા ન હોય તેવા ૧ લાખ યુવાનોને રાજનીતિમાં જોડાવા માટે આહ્વાન કર્યુ છે. આ સંદર્ભમાં રાજકારણમાં પ્રવેશવાની ઈચ્છા ધરાવતા મહત્વાકાંક્ષી યુવાનોને તાલીમ આપવા તથા ભારતમાં શાસનના પ્રણાલીગત પડકારોનો સામનો કરીને નવી તકોના સર્જન માટે તેમને સશક્ત બનાવવાના હેતુથી રચાયેલી આ સંસ્થા SOULરાજકીય, સામાજિક અને જાહેર નીતિ - એમ મુખ્ય ત્રણ ક્ષેત્રોમાં નેતૃત્વ વિકાસ માટે સમર્પિત છે.

ગાંધીનગરમાં SOULના કેમ્પસનું બાંધકામ પૂર્ણ થયા પછી માર્ચ-૨૦૨૭થી અહીં ઔપચારિક કાર્યક્રમો શરૂ કરવામાં આવશે. તેમાં ૧ થી ૩ મહિનાના મધ્યમ ગાળા તેમજ ૯ થી ૧૨ મહિનાના લાંબાગાળાના અભ્યાસ કાર્યક્રમો કાર્યરત થશે. કેમ્પસ સંપૂર્ણ તૈયાર થાય ત્યાં સુધી એક અઠવાડિયાના ટૂંકા ગાળાના કાર્યક્રમો અને સેમિનાર્સનું આયોજન કરાશે.

SOULખાનગી ક્ષેત્રના પ્રતિષ્ઠિત વ્યક્તિ સમૂહો દ્વારા સ્થાપવામાં આવેલી એક સ્વતંત્ર અને બિન-પક્ષપાતી સંસ્થા છે. તેમજ સરકારી એજન્સીઓ કે યુનિવર્સિટીઓ સાથે કોઈ જોડાણ ધરાવતી નથી. લીડરશીપ ડેવલોપમેન્ટ અને વેલ્યુએડિસન પર ફોકસ કરતા નોન ડીગ્રી કાર્યક્રમોમાં ભણાવવામાં આવશે.

## પ્રમોશન અટકાવ્યાની મહિલા જવાનની અરજી પર હાઈકોર્ટે જવાબ માંગ્યો

# સ્વાસ્થ્ય સમસ્યાને કારણે બઢતી રોકી ન શકાય : હાઈકોર્ટની ટકોર

અમદાવાદ,તા.૧૪

કેન્દ્રીય અનામત સુરક્ષા દળ એટલે કે સીઆરપીએફમાં ઉચ્ચ પદ પરની બઢતીમાં જરૂરી લાયકાત અને તમામ માપદંડો પરિપૂર્ણ કરવા છતાં એચઆઈવી એઈડ્સના કારણે બઢતી આપવામાં કથિત રીતે અન્યાય થઈ રહ્યો હોવાના મુદ્દે એક મહિલા જવાને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રિટ અરજી દાખલ કરી હતી.




તેની સુનાવણીમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે કેન્દ્ર અને સીઆરપીએફ સત્તાવાળાઓનો જવાબ માંગ્યો છે. કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે મૌખિક ટકોર કરી હતી કે, સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે ઉચ્ચ પદ પર બઢતી નકારી શકાય નહી. જો કોઈ વ્યકિત નોકરી માટે યોગ્ય અને લાયકાત ધરાવતી હોય તો તેને બઢતી નકારી શકાય નહી.

અરજદાર મહિલા તરફથી દલીલ રજૂ કરાઈ હતી કે, તેણીને યોગ્યતાના તેમ જ અન્ય તમામ પાસાઓ પર પ્રમોશન માટે યોગ્ય અને લાયકાત ધરાવતી હોવાછતાં તેને સતત ઉચ્ચ પદ પર પ્રમોશન આપવાનો ઈક્કાર કરવામાં આવ્યો હતો. કારણ એટલું જ કે, અરજદાર એચઆઈવી-એઈડ્સગ્રસ્ત છે અને રોગની બિમારી વધી રહી છે.

અરજદારના વકીલે દલીલ કરી હતી કે તેણીને યોગ્યતાના અન્ય તમામ પાસાઓ પર પ્રમોશન માટે યોગ્ય હોવા છતાં, સતત ઉચ્ચ પદ પર પ્રમોશનનો ઈનકાર કરવામાં આવ્યો હતો, સિવાય કે તેણીથી પીડિત છે અને રોગ વધી રહ્યો છે.

હાઈકોર્ટે કેન્દ્રના વકીલને વેધક સવાલ કર્યા હતા કે, અન્ય લોકો પણ હૃદયરોગ, ડાયાબિટીસ, ગંભીર ડાયાબિટીસ કે અન્ય રોગથી પીડાઈ શકે છે તો શું તેમને પણ તમે આ જ શ્રેણીમાં રાખશો...?? આવા ભેદભાવને કયાં તર્ક છે..??

કેન્દ્રના વકીલ તરફથી બચાવ કરાયો કે, ભૂતકાળમાં અરજદારને પ્રમોશન અપાયેલું જ છે એવું નથી કે તેની સાથે ભેદભાવ થઇ રહ્યો છે, તેથી હાઈકોર્ટે નારાજગી વ્યકત કરતાં જણાવ્યું કે, તો પછી હવે તમે કયા આધાર પર અરજદારને વધુ એક પ્રમોશનથી રોકી રહ્યા છો...??

આની પાછળનો તર્ક શું છે..??

આ એક સંપૂર્ણપણે બંધારણીય મુદ્દો છે અને અદાલત તેની પર નિર્ણય કરશે. હાઈકોર્ટે આ કેસમાં આગામી મુદતે પ્રતિવાદીઓ તરફથી કેન્દ્ર સરકારના એડિશનલ સોલીસીટર જનરલને જવાબ ફાઈલ કરવા તાકીદ કરી હતી.

હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, વિવાદીત પોસ્ટ પર જો કોઈ પ્રમોશન થયુ હશે તો તે હાલની અરજીના આખરી ચુકાદાને આધીન રહેશે.

## નેશનલ હાઈવે પર દર કલાકે ૫૫ લાખની ટોલટેક્સ વસૂલી

# ટોલટેક્સ વસૂલીમાં ગુજરાત રૂ. ૪૮૫૧ કરોડ સાથે બીજા ક્રમે, તેમ છતાંય માર્ગોની હાલત ખખડધજ

## નેશનલ હાઈવેમાં ટોલટેક્સની વસૂલીમાં ઉત્તરપ્રદેશ ૬૬૯૫ કરોડ સાથે અવ્વલ

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં નેશનલ હાઈવે પર વાહનચાલકોએ એક વર્ષમાં રૂપિયા ૪૮૫૧.૦૪ કરોડનો ટોલ ટેક્સ ચૂકવ્યો છે. નેશનલ હાઈવેમાં એક વર્ષમાં વાહનચાલકોએ સૌથી વધુ ટોલ ટેક્સ ચૂકવ્યો હોય તેવા રાજ્યમાં ઉત્તર પ્રદેશ ૬૬૯૫ કરોડ સાથે મોખરે જ્યારે ગુજરાત ૪૮૫૧ કરોડ સાથે બીજા સ્થાને છે. આ સ્થિતિએ ગુજરાતમાં વાહનચાલકો પ્રતિ કલાકે સરેરાશ રૂપિયા ૫૫ લાખનો ટોલ ટેક્સ ચૂકવ્યો છે.




ગુજરાતમાં વિવિધ નેશનલ હાઈવે આવેલા છે. જેમાં નેશનલ હાઈવે ૮ અમદાવાદ-લિંબડી-મોરબી-કંડલા, નેશનલ હાઈવે ૮બી રાજકોટ-ગોંડલ-જેતપુર-પોરબંદર, નેશનલ હાઈવે ૮સી ચિલોડા-ગાંધીનગર-સરખેજ, નેશનલ હાઈવે ૫૬ રાજસ્થાનના ચિત્તોડગઢથી વાપીને, નેશનલ હાઈવે ૫૧ ઓખા-દ્વારકા-ભોગાત-ગણદેવી-પોરબંદર-માંગરોળ-વેરાવળ-સોમનાથને મુખ્યત્વે જોડે છે. આ સિવાય નેશનલ હાઈવે ૨૭, ૪૭, ૫૮, ૪, ૧૪૭, ૧૪૭ડી, ૧૪૮એમ, ૧૫૧ પણ ગુજરાત સાથે જોડાય છે.

નેશનલ હાઈવેથી સૌથી વધુ કમાણી કરાવી આપતા રાજ્યમાં ઉત્તર પ્રદેશ ૬૬૯૫.૪૦ કરોડ સાથે મોખરે, રાજસ્થાન ૫૫૪૯.૪૮ કરોડ સાથે બીજા જ્યારે મહારાષ્ટ્ર ૫૦૦૨ કરોડ સાથે ત્રીજા સ્થાને છે.

આ સ્થિતિએ ઉત્તર પ્રદેશના નેશનલ હાઈવેથી પ્રતિ દિવસે વાહનાચાલકો સરેરાશ ૧૮ કરોડનો ટોલ ટેક્સ ચૂકવે છે. ગુજરાતના નેશનલ હાઈવેમાં ટોલ ટેક્સથી થતી આવકમાં પાંચ વર્ષમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે.

૨૦૧૯-૨૦માં ટોલ ટેક્સથી રૂપિયા ૨૯૮૩.૯૧ કરોડની આવક થઈ હતી જ્યારે ૨૦૨૩-૨૪માં વધીને રૂપિયા ૪૮૫૧ કરોડ થઈ ગઈ છે. જોકે, આટઆટલો ટોલ ટેક્સ ચૂકવવા છતાં ચોમાસા દરમિયાન વાહનચાલકોને ખખડધજ રસ્તાથી ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે.

ખાસ કરીને ચોમાસા દરમિયાન ગુજરાતના અનેક નેશનલ હાઈવેની હાલત એવી થઈ ગઈ હતી કે ૩ કિલોમીટરનું અંતર કાપવામાં પણ ૧ કલાકથી વધુનો સમય થઈ જતો હતો.

## બાંગ્લાદેશ હિંસામાં ૧૪૦૦ લોકોના મોત, યુએનએ જાહેર કર્યા ચોંકાવનારા આંકડા

જીનીવા,તા.૧૪

બાંગ્લાદેશ હિંસા દરમિયાન ઓછામાં ઓછા ૧,૪૦૦ લોકો માર્યા ગયા. આ ચોંકાવનારો અહેવાલ બુધવારે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. ગયા ઉનાળાના છ અઠવાડિયા દરમિયાન બાંગ્લાદેશમાં ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના વિરુદ્ધ વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનો પર કરાયેલા કડક કાર્યવાહીમાં ૧,૪૦૦થી વધુ લોકોના મોતની આશંકા છે, એમ યુએનએ જણાવ્યું હતું.

જીનીવા સ્થિત કાર્યાલયે એક નવા અહેવાલમાં જણાવ્યું હતું કે સુરક્ષા અને ગુપ્તચર સેવાઓ ‘વ્યવસ્થિત રીતે’ અધિકારોના ઉલ્લંઘનમાં સામેલ હતી જે માનવતા વિરુદ્ધના ગુનાઓ સમાન હોઈ શકે છે અને તેની તપાસ કરવાની જરૂર છે. માનવાધિકાર કાર્યાલયે ‘વિવિધ વિશ્વસનીય સ્ત્રોતો’ ને ટાંકીને જણાવ્યું હતું કે ૧ જુલાઈથી ૧૫ ઓગસ્ટ વચ્ચે થયેલા વિરોધ પ્રદર્શનોમાં ૧,૪૦૦ થી વધુ લોકો માર્યા ગયા અને હજારો ઘાયલ થયાની આશંકા છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે.

**વૃષભઃ** આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

**મિથુનઃ** નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે. આર્થિક દ્રષ્ટિકોણથી દિવસ સંતોષકારક રહેશે, છતાં પૈસા સંબંધિત કામોમાં સ્પષ્ટતા રાખો.

**કર્કઃ** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે. પૈસા સંબંધિત કામમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે.

**સિંહઃ** આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે.

**કન્યાઃ** આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે.

**તુલાઃ** આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો.

**વૃશ્ચિકઃ** આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

**ધનઃ** આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે. પરિવારના સભ્યો તમારો મૂડ સમજી શકશે,

**મકરઃ** આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

**કુંભઃ** તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે. કોઈને પણ આપેલા વચન સમયસર પૂરા કરવામાં અસમર્થ રહેશો.

**મીનઃ** તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે.

## ફિલ્મી ગપશપ

### બોલિવૂડની સંગીત કંપનીઓનો ઓપન એઆઇ પર કોપીરાઇટનો દાવો

# ટી - સિરીઝ, સારેગામા અને સોની જેવી મુખ્ય સંગીત કંપનીઓએ કોપીરાઇટ મુદ્દે ઓપનએઆઈ પર કેસ કર્યો

### સંગીત કંપનીઓનો દાવો છે કે, ઓપન એઆઇ તેમનાં ગીતો કોપીરાઇટ વિના ઉપયોગમાં લે છે : ન્યુઝ એજન્સીએ ગયાં વર્ષે કોપીરાઇટ મુદ્દે ઓપન એઆઇ પર કેસ કર્યો હતો




નવી દિલ્હી : બોલિવૂડની મુખ્ય સંગીત કંપનીઓનો ટી-સિરીઝથી લઈને સારેગામા અને સોની સુધીની ભારતની ટોચની મ્યુઝિક કંપનીઓનાં એક જૂથે, નવી દિલ્હીમાં ઓપનએઆઈ સામે કોપરિઈટ મુદ્દે કેસ કર્યો છે. મ્યુઝિક કંપનીઓનો દાવો છે કે, ઓપન એઆઇ તેનાં ગીતોનો કોપિરાઈટ વગર ઉપયોગ કરે છે.

ઓપનએઆઈના કાનૂની પડકારો વૈશ્વિક સ્તરે અને ભારતમાં વધી રહ્યાં છે, જે વપરાશકર્તાઓમાં તેનું બીજું સૌથી મોટું બજાર છે. પરંતુ ઓપન એઆઇ કહે છે કે તે તેનાં એઆઈ મોડેલો માટે જાહેરમાં ઉપલબ્ધ ડેટાનો ઉપયોગ કરે છે અને ઓપન એઆઇ નિયમો પ્રમાણે જ ગીતો લે છે.

ભારતીય મ્યુઝિક ઈન્ડસ્ટ્રી ગ્રુપ, ટી-સિરીઝ અને સારેગમાએ કોર્ટને તેમનાં કોપરિઈટનો ભંગ કરનારા એઆઈ મોડેલમાં ×સાઉન્ડ રેકોર્ડિંગ્સના અનધિકૃત ઉપયોગ× વિશે કેસ દાખલ કર્યો છે.

મ્યુઝિક કંપનીઓ ગયાં વર્ષે ભારતીય ન્યૂઝ એજન્સી એએનઆઈ દ્વારા શરૂ કરાયેલાં મુકદ્દમામાં જોડાઈ છે. જેમાં એઆઈ મોડેલોમાં પરવાનગી વિના ઓપનએઆઈની ચેટજીપીટી એપ્લિકેશન પર ન્યુઝની સામગ્રીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારથી, પુસ્તક પ્રકાશકો અને મીડિયા જૂથો, કેટલાક અબજોપતિ ઓપન એઆઈ વિરુદ્ધ કોર્ટમાં કેસ કર્યો છે.


ટી-સિરીઝ એ ભારતનાં સૌથી મોટા મ્યુઝિક રેકોર્ડ કંપનીઓમાંની એક છે જે વાર્ષિક આશરે ૨૦૦૦ ગીતો પ્રકાશિત કરે છે. ભારતીય કંપનીઓના કેસ પછી જર્મનીનાં જીઈએમએ, જે સંગીતકારો, ગીતકારો અને પ્રકાશકોનું પ્રતિનિધિત્વ ગ્રુપ છે, તેણે પણ ચેટજીપીટી પર કેસ કર્યો છે. ચેટજીપીટી ઓપન એઆઈની એક પેટા કંપની છે.

### ૧૦-જિલ્લામાં ૨૫-તાલુકાનાં અંત્યોદય અન્ન યોજના કાર્ડ ધારકોને મળશે અનુદાન

# જી-સફલ યોજના અંતર્ગત અંત્યોદય પરિવારની ૫૦.૦૦૦ મહિલાઓ હવે પરિવારનું કરશે ઉત્થાન

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે અંત્યોદય પરિવારની આજીવિકામાં વધારો કરીને તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવા તેમજ મહિલા સશક્તિકરણના ઉદ્દેશથી જી-સફલ (ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમિલીઝ ફોર ઓગ્મેન્ટિંગ લાઈવલીહુડ્સ -અંત્યોદય પરિવારોની આજીવિકા વધારવા માટે ગુજરાતની યોજના) આ વર્ષે જાહેર કરી છે જે આગામી પાંચ વર્ષના સમયગાળામાં રાજ્યના ૧૦ જિલ્લા અંતર્ગત ૨૫ તાલુકાના ૫૦ હજાર અંત્યોદય અન્ન




યોજના (એએવાય) કાર્ડ ધારક પરિવારોને લાભ પહોંચાડશે.

આ યોજનાનું અમલીકરણ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં અંત્યોદય પરિવારોને આજીવિકા, નાણાકીય સમાવેશ અને સામાજિક વિકાસ માટે સહયોગ પૂરો પાડવામાં આવશે.

આ કાર્યક્રમમાં આર્થિક સહાયની સાથે કૌશલ્ય તાલીમ અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે જેથી પરિવારોને અત્યંત ગરીબીમાંથી બહાર લાવી શકાય.

આ યોજના દ્વારા અંત્યોદય પરિવારને ટકાઉ આજીવિકા મળે તે હેતુસર તેમના માટે વધારાના આવકના સ્રોત ઊભા કરવામાં આવશે.

તેમને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન પણ આપવામાં આવશે. આજીવિકાના નવા સ્રોત બનાવવા માટે તેમને ? ૮૦ હજારનું અનુદાન આપવામાં આવશે.

## કઈ રીતે લાગુ થશે યોજના ?

**આ યોજનાના અમલીકરણ માટે પાત્રતા ધરાવતા કાર્ડધારકોમાં સૌથી ગરીબ પરિવારોની ઓળખ કરવામાં આવશે. મોટાભાગે આ પ્રકારના પરિવારોમાં કોઈ ચોક્કસ આવકનો સ્રોત ન હોવાથી તેમના માટે વધારાની આવક ઊભી કરવા માટે નવા સ્રોતનું નિર્માણ કરવામાં આવશે જેથી તેમની આવક ટકાઉ બને. તેના માટે તેમને અનુદાન આપવામાં આવશે તેમજ નવી આવકને ટકાવી રાખવા માટે યોગ્ય તાલીમ અને માર્ગદર્શન પણ આપવામાં આવશે.તમામ લાભાર્થી પરિવારોમાં ઓછામાં ઓછા આવકના બે સ્રોત હોય તે સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. આવકના સ્રોતનું નિર્માણ બજારમાં રહેલી તકો, પ્રવર્તમાન કૌશલ્ય અને લાભાર્થી પરિવારને લાગુ પડતી અન્ય બાબતો પર નિર્ભર રહેશે. લાભાર્થીઓને યોગ્ય તાલીમની સાથે બેંકો અને નાણાકીય સંસ્થાઓ સાથે જોડવાની કામગીરી પણ કરવામાં આવશે. આ પરિવારોને માર્ગદર્શન આપવા માટે ફિલ્ડ કોચની નિમણૂક કરવામાં આવી છે.**

## જિલ્લા અને તાલુકાની યાદી

**રાજ્યના જે જિલ્લા અને તાલુકામાં આ યોજના લાગુ કરવામાં આવી છે તે આ પ્રમાણે છેઃ બનાસકાંઠા (તાલુકો-થરાદ), પાટણ (સાંતલપુર), કચ્છ (રાપર, લખપત), સુરેન્દ્રનગર (સાયલા), છોટાઉદેપુર (કવાંટ, નસવાડી), પંચમહાલ (ઘોઘંબા), દાહોદ (ગરબાડા, ધાનપુર, સિંઘવડ, દેવગઢબારીયા, ફતેપુરા, ઝાલોદ, દાહોદ, લીમખેડા, સંજેલી), નર્મદા (નાંદોદ, ગરુડેશ્વર, સાગબારા, તિલકવાડા, ડેડીયાપાડા) તાપી (કુકરમુંડા ,નિઝર) અને ડાંગ (સુબીર)નો સમાવેશ થાય છે.**

### ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાનું કાઉન્ટ-ડાઉન શરૂ

# શિક્ષણ બોર્ડ દ્વારા સહિત રાજ્યના જિલ્લા કલેક્ટરો સાથે યોજાશે વીડીયો કોન્ફરન્સ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૭ને ગુરૂવારથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થનાર છે. જેને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ગુજરાત બોર્ડની આ પરીક્ષા સુચારૂ રૂપથી લેવાય તે માટે શિક્ષણ બોર્ડના સચીવ દ્વારા આગામી તા.૧૯ને બુધવારના સવારના ૧૧ કલાકે રાજકોટ સહિત રાજયભરના જિલ્લા કલેકટરો સાથે વીડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી છે.




તેમજ આજ દિવસે જીલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને રાજકોટ જીલ્લા પરીક્ષા સમિતીની બેઠક યોજાશે. ત્યારબાદ ઈન્ચાર્જ જીલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી કિરીટસિંહ પરમાર દ્વારા ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો એકશન પ્લાન જાહેર કરી દેવામાં આવનાર છે.

ગુજરાત શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં રાજકોટ શહેર-જીલ્લામાં ૭૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ બેસનાર છે જેમાં ધો.૧૦ના ૪૭૨૮૦ ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૨૩૩૭૦ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૭૭૮૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. રાજયમાં ધો.૧૦ અને ૧૨ના ૧૪.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ ૧૬૬૧ કેન્દ્રો પરથી આ પરીક્ષા આપનાર છે.

આ વખતે રાજયમાં ૨૭જેટલા પરીક્ષા કેન્દ્રોનો વધારો થયો છે.. રાજકોટ ખાતે બોર્ડની આ પરીક્ષાના પેપરો તા.૨૩ના રાજકોટ ખાતે આવી પહોંચનાર છે.

## ચુંટણી પરિણામોનો પ્રભાવ ભાજપના નવા સંગઠનમાં જોવા મળશે : અનેક માટે પ્રમોશન નિશ્ચિત

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૪

ગુજરાતમાં વ્યાપક રીતે યોજાયેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીના પરિણામો બાદ તુર્તજ ભાજપના સંગઠનની નવરચનાનો મુદો હાથ પર આવશે અને આ ચુંટણીમાં મહત્વની ભૂમિકા ભાજપના અનેકને સંગઠન-સરકારમાં રાજકીય પ્રમોશન મળે અને જેઓને ચુંટણી સમયે જ ટાર્ગેટ બનાવાયા તેઓને પણ વધુ સાઈડલાઈન કરાય તેવા સંકેત છે.

જો કે મોટાભાગના પરિણામો ભાજપની તરફેણમાં હશે તે નિશ્ચિત



છે. જરૂર પડે પરિણામો પલટવા માટેનું ઓપરેશન લોટસ-પાર્ટ-ટુ પણ ઘડાશે અને કોંગ્રેસ પક્ષ આ ચુંટણી પછી વધુ ગુમાવે તો આશ્ચર્ય થશે નહી.

ભાજપના સંગઠનમાં ખાસ કરીને જૂનાગઢ ચુંટણીમાં પોતાની ક્ષમતા દર્શાવનાર રાજકોટ શહેર ભાજપના પુર્વ પ્રમુખ કમલેશ મીરાણીને કક્ષાએ મહત્વની જવાબદારી સોપાય તેવા સંકેત છે.

જૂનાગઢમાં ભાજપ કલીન સ્વીપપ કરે તો તેનું ખાસ ઈનામ મળશે. આ મહાપાલિકા ચૂંટણીમાં શ્રી મીરાણી ઉપરાંત રાજકોટ ભાજપના અગ્રણી તથા ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર પ્રમુખ મુકેશ દોશી અને તેની ટીમ અને પુર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા વિ.એ પડાવ નાખીને પક્ષને વિજેતા બનાવવામાં તમામ તાકાત લગાવી તે તમામ આગામી સંગઠનમાં મહત્વની ભૂમિકામાં આવી શકે છે.

# ભક્તિરસમાં ઈન્દ્રિયોને તરબોળ કરી દો એટલે રાસલીલામાં પ્રવેશ મળશે..

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરીએ તો આવો આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જીવ અને ઈશ્વર એક બને તો પછી રાસલીલામાં પ્રવેશ મળે છે. કનૈયો ગોવર્ધનનાથને વંદન કરે છે, એટલે પોતે પોતાની જાતને જ વંદન કરે છે. ચાલો, આપણે પણ એ ગિરિરાજધારીને વંદન કરીએ અને તેની સ્તુતિ કરીએ!

ભક્તની ઈચ્છા પ્રમાણે વર્તનારા, બાળલીલામાં દૂધ વગેરેની ચોરી કરી યશનો વિસ્તાર કરનારા, વ્રજ વનિતાઓને આનંદ પમાડનારા, એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ મારા પ્રભુ છે.

ગોવર્ધન લીલાથી ગોપીઓને ખાતરી થઈ છે કે, કનૈયો એ ઈશ્વર છે તેથી તેમનામાં તરી તેમની સાથે એકાકાર થવાની ભાવના જાગૃત થઈ અને તે થઈ રાસલીલા.ભક્તિરસમાં ઈન્દ્રિયોને તરબોળ કરી દો એટલે રાસ લીલા માં પ્રવેશ મળશે.

ભગવાન અભિમાનને ખાય છે. દેવોના દેવ શ્રીકૃષ્ણ છે એમ બતાવવા બ્રહ્મા, ઈન્દ્ર, વરુણ મગેરે દેવોનો પરાભવ કર્યો છે. બ્રહ્માજીને અભિમાન હતું, જગતને હું જ ઉત્પન્ન કરું છું. ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરી પોતે જ પોતાના સ્વરૂપ સાથે રમવા લાગ્યા.બ્રહ્માજીનું અભિમાન દૂર થયું. ઈન્દ્રને અભિમાન હતું કે, હું સ્વર્ગનો રાજા છું,હું મોટો છું.ઈન્દ્રનું અભિમાન ગોવર્ધન લીલામાં દૂર કર્યું. ઈન્દ્રને ખાતરી થઈ સ્વર્ગની ગાદી ઉપર મને બેસાડનાર શ્રી કૃષ્ણ છે. શ્રીકૃષ્ણ અવતાર નથી, પણ પૂર્ણ પુરુષોત્તમ છે.

આ વ્રજવાસીઓ ગાયોની સેવા કરતાં, એકાદશી કરતાં, શ્રીકૃષ્ણ કીર્તન કરતાં એટલે શ્રીકૃષ્ણ મથુરાથી ગોકુળ આવ્યા. વ્રજવાસીઓ ભોળા હતા. તેમ છતાં તેમને ભગવાન મળ્યાં છે. ભોળાને મગવાન મળે છે.

એક વખત નંદજી મધ્યરાત્રિએ યમુનામાં સ્નાન કરવા ગયા. રાત્રિના અગિયારથી સાડા ત્રણ સુધીના કાળને નિષિદ્ધ કાળ માન્યો છે. તેમાં સ્નાન કે ભોજન થાય નહીં, કારણ કે મધરાતે તિર્થમાં રાક્ષસોનો પ્રવેશ થાય છે, તેથી મધરાતે સ્નાન કરવાની મનાઈ કરી છે. નંદજીને ખબર નહીં કે આ મધ્યરાત્રિ છે. તેઓએ માનેલું કે



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

પ્રાતઃકાળ થઈ ગયો છે. તેમણે જળમાં ડૂબકી મારી. આસુરી સમયે સ્નાન કરવાથી જળના દેવ વરુણનું અપમાન થયું. તેથી વરુણદેવના સેવકો જે ત્યાં હતા તેમણે નંદજીને પકડયા અને વરુણલોકમાં લઈ ગયા. શ્રીકૃષ્ણ વરુણલોકમાં જઈને નંદજીને છોડાવી લાવ્યા.

વરુણદેવ જીભના માલિક છે. તેમના દૂતો એટલે પરસો. રસ ઉપર-જીભ ઉપર જ્યાં સુધી કાબૂ ન મેળવો, ત્યાં સુધી રાસમાં પ્રવેશ મેળવી શકાતો નથી. એ ષડ્રસ ઉપર વિજય મળે તો રાસ રસ મળે.

નંદ એ જીવાત્મા છે.નંદ એટલે કે જીવ જ્યારે ભક્તિરૂપી યમુનામાં સ્નાન કરવા જાય છે ત્યારે વરુણના સેવકો આ પરસો તેને પજવે છે.

જીવ લૌકિક રસને આધીન હોય ત્યાં સુધી તેને અલૌકિક રસ મળતો નથી. જે આ ષડ્રસને આધીન થયો તેને ભક્તિરસ, પ્રેમરસ મળતો નથી. આનંદ એ કોઈ વસ્તુમાં નથી. આનંદ મનની એકાગ્રતામાં છે. આનંદ ઈશ્વર સાથે તન્મય થવામાં છે. ભક્તિ કરવી સહેલી નથી. ભગવાનની ભક્તિ જેને કરવી છે તેણે મનને મારવું પડે છે, તેણે જીભના રસ ઉપર કાબૂ મેળવવો પડે છે. જે લૂલીનો ગુલામ છે તે ભગવાનની ભક્તિ કરી શકતો નથી. મહાપ્રભુએ સુબોધિનીજીમાં કહ્યું છેકે,ઠાકોરજીની




સેવામાં અનુરાગ રાખવો પણ શરીરભોગમાં વૈરાગ્ય રાખવો.લૂલી જે માગે તે આપવા થી શાંતિ મળતી નથી. મનુષ્યની જિંદગીનો મોટો સમય આ લૂલી ના લાડ કરવામાં જાય છે લૂલી પર વિજયએટલે ષડ્રસ પરવિજય ષડ્રસ પરવિજય એટલે વરુણ પર વિજય. ગોપીઓના બે ભેદ બતાવ્યા છે નિત્યસિદ્ધા તથા સાધન સિદ્ધા. સાધન સિદ્ધાના શ્રુતરૂપા,ઋષિરૂપા, સંકીર્ણરૂપા, અન્યપૂર્વા,અનન્યપૂર્વા એવા અનેક ભેદ છે.શ્રુતિઓઈશ્વર નું વર્ણન કરતાં થાકી ગઈ,પરંતુ પરમાત્માનો અનુભવ થયો નહીં. કારણ ઈશ્વર કેવળ વાણીનો વિષય નથી. જે વેદાભિમાની દેવો બ્રહ્મ સાક્ષાત્કાર કરવા માટે ગોકુળમાં પ્રગટ થયા તે શ્રુતિરૂપી ઋષિઓ તપસ્વી હોવા છતાં તેમને ઈશ્વરના અનુભવ થતા નથી દર્શન અને અનુભવમાં ફેર છે. દર્શનમાં દષ્ટા અને દશ્યનો ભેદ છે અનુભવમાં દષ્ટા અને દશ્ય એક બને છે.તેમાં પૂર્ણ અદ્વૈત છે, તેથી બ્રહ્મસંબંધ દ્વારા બુદ્ધિગત કામનો નાશ કરી બ્રહ્મ મુક્તિનો અનુભવ કરવા ઋષિઓ ગોપી થઈને આવેલા,તેને સાખલા કહે છે.પ્રભુના મનોહર સ્વરૂપને નિહાળતાં જેમનામાં કામભાવ જાગૃત થયેલો તે દાખલા તરીકે શૂપર્ણખા તે બધી ગોપીઓ તરીકે પ્રગટ થઈ તેમને સંકીર્ણરૂપા કહે છે.આરામ કરી સંસારસુખ ભોગવ્યા પછી સંસારસુખમાં સૂગ આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમભાવ જાગે તે અન્નપૂર્વા ગોપીઓ, દાખલા તરીકે તુલસીદાસજી.એક જ વસ્તુમાં જો આસક્તિ હોય અને તે આસક્તિને જો પ્રભુમાં પલટાવી દેવામાં આવે તો તે વસ્તુ ની આસક્તિ છૂટી જાય છે. અનેક વસ્તુઓમાં આસક્તિ હોય તો આ શક્ય નથી. તુલસીદાસજી સ્વપત્નીમાં આસક્ત હતા. એમને મન પરસ્ત્રી માતા સમાન હતી. તેથી પત્નીએ ટકોર કરી કે,તરત એમની આસક્તિ પ્રભુમાં પરિવર્તિત થઈ ગઈ.કેટલાંકને રોજ થપ્પડ પડે છે તો પણ સુધરતા નથી,કારણ કે અનેકમાં તેમની આસક્તિ હોય છે. એમના પરિગ્રહોનો પાર નથી.

જન્મસિદ્ધ પૂર્ણ વૈરાગ્યવાળા શુક દેવ મીરાં વગેરે પૂર્વાગોપી છે.

એક વખત વ્રજની કુમારિકાઓ યમુનાને કિનારે વસ્ત્ર મૂકી નગ્નદેહે જળમાં સ્નાન કરવા લાગી.તે સમયે શ્રીકૃષ્ણ ત્યાં આવ્યા. તેઓનાં વસ્ત્ર લઈ નજીકનાં કદંબના વૃક્ષ ઉપર ચડી ગયા.

પછી શ્રીકૃષ્ણે તેઓને કહ્યું, જળ માં નગ્ન દેહે નાહીને તમે જળના દેવોનો અપરાધ કર્યો છે. એટલે બે હાથ જોડી નમસ્કાર કરી તમારાં વસ્ત્રો લઈ લો.

વ્રજકુમારિકાઓએ તેમ કર્યું ત્યારે શ્રીકૃષ્ણે વસ્ત્રો પાછાં આપ્યાં.આ લીલાનું રહસ્ય એ છે કે,શરીરનું ભાન ભૂલશો તો પ્રભુ પાસે જઈ શકાશે.આત્મા સ્ત્રી નથી કે પુરુષ નથી,એટલે'હું સ્ત્રી છું'એવી ભાવના કુમારિકાઓના મનમાં હી તે 'હું'પણાનું સૂચક છે.એ અહંકારનો પડદો દૂર કરી સર્વસ્વ પ્રભુને અર્પણ કરવાનો આમાં ઉદ્દેશ છે.પોતાની જાતને પણ ભૂલી મારી પાસે આવો. એમ ભગવાન કહે છે.સંસ્કારશૂન્ય, સંસારશૂન્ય નિવારણ થઈને મારી પાસે આવો.એમ ભગવાન કહે છે દ્વૈતનો પડદો દૂર કરશો તો ભગવાન મળશે.

ભગવાન પાસે છે છતાં દેખાતા નથી.વાસનાનો પડદો દૂર થાય તો તરત દેખાયા.ગુરુ આ વાસનાનો પડદો દૂર કરી આપે છે.આત્મા અને પરમાત્મા વચ્ચે આ વાસના નો પડદો છે એટલે ભગવાનનો અનુભવ થતો નથી. તે વાસનાના આવરણને દૂર કરીને પ્રભુને મળવા જવાનું છે. બુદ્ધિગત વાસના સિદ્ધ સદગુરુ કૃપા કરે અથવા પરમાત્મા કૃપા કરે તો જ દૂર થાય છે.

ચીરહરણ એ રાસલીલાની પૂર્વ તૈયારી છે. વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવુંએ ચીરહરણ લીલા અને તે પછી જીવનું આત્મામાં રમણ-મિલન એ રાસ.એટલે તો ચીરહરણ લીલા પછી રાસલીલા કહે છે. કામવાસના જાય એટલે ઈશ્વર સાથે અદ્વૈત પ્રાપ્ત થાય. ચીરહરણએ કંઈ લૌકિક વસ્ત્રોની ચોરી નથી,પરંતુ બુદ્ધિગત કામ વાસનાની ચોરી છે.

શ્રીકૃષ્ણ વ્યાપક હોવાથી જળમાં પણ શ્રીકૃષ્ણ છે.ગોપીઓ જળમાં પણ નહાય છે એટલે શ્રીકૃષ્ણમાં નહાય છે. એટલે એમને શ્રીકૃષ્ણ મળેલા જ છે.પણ વાસનાનું, અજ્ઞાનનું આવરણ હોવાથી શ્રીકૃષ્ણનો તેમનેઅનુભવ થતો નથી.તેથી બુદ્ધિગત વાસનાનું વસ્ત્ર પ્રભુકૃપા કરીને દૂર કરે છે, જ્યારે પ્રભુના બનીએ ત્યારે જ આ બને છે. પ્રભુ કહે છે કે, જેણે પોતાની બુદ્ધિને મારામય કરી છે તેનો વિષયભોગનો સંકલ્પ સાંસારિક વિષયભોગ માટે થતો નથી,પણ તે સંકલ્પ મોક્ષદાયી જ થાય છે. ભૂજેલા ધાન્યનું બી જેમ અંકુરિત થતું નથી,તેમ જેમની બુદ્ધિમાંથી વાસના નષ્ટ થઈ છે તેમની બુદ્ધિમાં કામવાસના અંકુરિત થતી નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે મહાકુંભ સ્નાનનો લાભ પચાસ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ લઈ ચુક્યા છે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાન ચિંતન મનનમાં છેલ્લે જોઈએ તો એક પ્રચલિત લોકવાર્તા મુજબ, એક યુવક એક રાજ્યનો રાજા બન્યો. તેમણે મંત્રીઓને આદેશ આપ્યો કે વૃદ્ધો અમારા કોઈ કામના નથી. તેઓ હંમેશા બીમાર રહે છે, કોઈ કામ કરતા નથી, તેમના કારણે રાજ્યના પૈસાનો વ્યય થાય છે. તમામ વૃદ્ધોને મોતની સજા આપો. રાજ્યના વડીલોને આ આદેશની જાણ થતાં જ તેઓ રાતોરાત બીજા રાજ્યમાં ચાલ્યા ગયા.એક ગરીબ છોકરો તેના પિતાને ખૂબ પ્રેમ કરતો હતો,પરંતુ તેની પાસેએટલા પૈસા પણ ન હતા કે તે ઘર છોડીને બીજા રાજ્યમાં જઈ શકે. એટલા માટે તેણે પોતાના પિતાને ઘરમાં જ સંતાડી દીધા હતા.

થોડા દિવસો પછી એ રાજ્યમાં દુકાળ પડ્યો. રાજાને સમજાતું નહોતું કે તેની પ્રજા માટે ભોજન ની વ્યવસ્થા કેવી રીતે કરવી, તે દિવસોમાં અત્યંત ગરમી હતી. ગરીબ છોકરાએ તેના વૃદ્ધ પિતાને દુષ્કાળનો ઉપાય પૂછ્યો. તેના પિતાએ કહ્યુંકે હિમાલય રાજ્યથી દૂર નથી.ગરમીના કારણે હિમાલય નો બરફ પીગળવા લાગશે અને તે પાણી રાજ્યમાં છોડવામાં આવશે અને તે વહેતું આવશે. એ પાણી અહીં આવે તે પહેલાં,તમે એક કામ કરો,રાજ્યના રસ્તાની બંને બાજુ ખેડાણ કરો.

છોકરાએ રાજ્યના લોકોને આ ઉપાય જણાવ્યો, પણ કોઈએ તેની વાત સાંભળી નહીં. છોકરાએ એકલા હાથે રસ્તાની બંને બાજુ ખેડાણ કર્યું.ટૂંક સમયમાં જ હિમાલયના પાણી રાજ્યના માર્ગમાં આવી ગયા. થોડા જ દિવસોમાં રાજ્યના રસ્તાઓ પર અનાજના છોડ ઉગી નીકળ્યા. જ્યારે રાજાને આ વાતની ખબર પડી,ત્યારે તે ગરીબ છોકરાને દરબારમાં બોલાવવામાં આવ્યો. રાજાએ છોકરાને પૂછ્યું, પાક ઉગાડવાની આ પદ્ધતિ તને કોણે કહી?

છોકરાએ કહ્યું, મહારાજ, મારા પિતાએ મને આ ઉપાય કહ્યું હતું. જ્યારે તમે વૃદ્ધોને મારી નાખવાનો આદેશ આપ્યો, ત્યારે મેં તેમને મારા ઘરમાં છુપાવી દીધા. આ સાંભળીને રાજાએ તે વૃદ્ધ માણસને પણ દરબારમાં બોલાવ્યો. વૃદ્ધે રાજાને કહ્યું કે મહારાજ, આપણા રાજ્યના લોકો પોતાના ખેતરોમાંથી અનાજ પોતાના ઘરે લઈ જતા હતા અને જ્યારે કેટલાક લોકો અનાજ વેચવા માટે બીજા રાજ્યોમાં જતા હતા, ત્યારે કેટલાક અનાજ રસ્તાની બંને બાજુ પડી જતા હતા. જ્યારે મારા દીકરાએ રસ્તાની બંને બાજુ ખેડાણ કર્યું અને હિમાલયનું ઓગળેલું પાણી ત્યાં પહોંચ્યું, ત્યારે બીજ અંકુરિત થયા અને પાક ઉગી નીકળ્યો. વૃદ્ધ માણસની વાત સાંભળ્યા પછી, રાજાને પોતાના આદેશ પર પસ્તાવો થયો અને તેણે રાજ્ય છોડી ગયેલા બધા વૃદ્ધોને પાછા બોલાવ્યા.

પાઠઃ- આજની પ્રેરણાઃ નસીબદાર એ નથી કે જેમને બધું સારું મળે છે, પણ એ છે કે જેઓ જે મળે છે તેને સારું બનાવે છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ૬૦ હજાર ખેડૂતોની ઐતિહાસિક હાજરી

# બનાસકાંઠામાં રાજ્યપાલ દેવવ્રતની અધ્યક્ષતામાં ૧૦ હજાર ખેડૂતો પ્રત્યક્ષ અને ૫૦ હજાર વર્ચ્યુઅલી જોડાયા

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૪

બનાસકાંઠા જિલ્લાના મોરીયા ખાતે આવેલી બનાસ મેડિકલ કોલેજમાં આજે એક ઐતિહાસિક પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બનાસ ડેરી દ્વારા આયોજિત આ પરિસંવાદમાં સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે તેમાં મોટી સંખ્યામાં ખેડૂતોની ભાગીદારી જોવા મળી હતી. મેડિકલ કોલેજ ખાતે પ્રત્યક્ષ રીતે ૧૦ હજાર જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે જિલ્લાના અન્ય ૫૦ હજાર ખેડૂતોએ વર્ચ્યુઅલ માધ્યમથી આ પરિસંવાદમાં ભાગ લીધો હતો.



આ પરિસંવાદ પ્રાકૃતિક ખેતી તરફના વધતા જતા વલણને પ્રતિબિંબિત કરે છે, જે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગ વગર કુદરતી રીતે ખેતી કરવાની પદ્ધતિ છે. આ પ્રકારની ખેતી પર્યાવરણને અનુકૂળ હોવાની સાથે ખેડૂતો માટે આર્થિક રીતે પણ ફાયદાકારક સાબિત થઈ રહી છે. મોરીયા ખાતે ખેડૂતોને સંબોધન કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિની તાતી જરૂરિયાત છે. દેશભરમાં પ્રાકૃતિક કૃષિને અપનાવવા અભિયાન ચાલી રહ્યું છે, ત્યારે પ્રાકૃતિક કૃષિના ફાયદા અંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આ એકમાત્ર ખેતી છે જેનાથી જમીન ફળદ્રુપ અને નરમ બને છે. વરસાદી પાણી વધુ માત્રામાં જમીનમાં ઉતરે છે. ખેતીમાં વરસાદી પાણીથી થતું વ્યાપક નુકસાન અટકે છે. ખેતીના ખર્ચમાં ઘટાડો થાય છે જ્યારે આવકમાં વધારો થાય છે.

રાજ્યપાલએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે પ્રાકૃતિક કૃષિ રાષ્ટ્રીય મિશનની શરૂઆત કરાવી છે. દેશમાં શરૂઆતમાં ૧૨ જેટલા ટ્રેનિંગ સેન્ટર બનશે, જેમાં કૃષિ વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક કૃષિ અંગે ટ્રેનિંગ અપાશે અને આ વૈજ્ઞાનિકો ખેડૂતોને તાલીમ આપશે. ગુજરાત આજે પ્રાકૃતિક કૃષિમાં આગવું સ્થાન ધરાવે છે. રાજ્યમાં પાંચ ગામ દીઠ એક કલસ્ટર બનાવવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રીની આ પહેલ ગ્લોબલ વોર્મિંગ સામેની લડાઈમાં મહત્વનું પરિબળ સાબિત થશે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે ખેડૂતોને રાસાયણિક, ઓર્ગેનિક અને પ્રાકૃતિક કૃષિનો ભેદ અને ફાયદાઓ વિશે માહિતી આપી હતી. રાસાયણિક ખેતી એટલે કે રાસાયણિક ખાતર થકી થતી ખેતી, જૈવિક એટલે વિદેશી અળસિયા - વર્મી કમ્પોસ્ટ થકી કરવામાં આવતી ખેતી તથા પ્રાકૃતિક ખેતી એટલે દેશી ગાયના ગોબર-ગૌમૂત્ર આધારિત ખેતીનો ભેદ ખેડૂતોને સમજાવ્યો હતો. ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી તદ્દન અલગ છે. આ તમામ ખેતીમાં સૌથી ઓછા ખર્ચે અને વધુ ઉત્પાદન મેળવવા તથા એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા માટે પ્રાકૃતિક ખેતી જ એક માત્ર વિકલ્પ હોવાનું રાજ્યપાલએ જણાવ્યું હતું.

રાસાયણિક ખેતી, જૈવિક ખેતી અને જંતુનાશક દવાઓના ઉપયોગથી ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો અંગે વાત કરતાં રાજ્યપાલએ કહ્યું કે, આજે ધરતીના તાપમાનમાં વધારો નોંધાયો છે. રાસાયણિક ખાતર ૨૪ ટકા ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર ગણાય છે. જંતુનાશક દવાઓના ઉપયોગથી વાદળોમાં પાણી સંગ્રહ કરવાની શક્તિ ઓછી થઈ છે, જેના કારણે ક્યાંક અચાનક ભારે વરસાદ તો ક્યાંક નહિવત્ વરસાદ વરસે છે. તાપમાન વધારા સાથે વાવાઝોડા, તોફાન, અનાવૃષ્ટિ વગેરેમાં પણ વધારો નોંધાયો છે. તેમણે તાજેતરમાં અરબ દેશોમાં આવેલા પુર વિશે જણાવ્યું હતું. ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય હોવાનું રાજ્યપાલએ જણાવ્યું હતું.

તેમણે બનાસ ડેરીના સફળ નેતૃત્વમાં જિલ્લાના ખેડૂતો ખેતી અને પશુપાલનના માધ્યમ થકી દૂધ ક્રાંતિ સર્જીને આર્થિક સધ્ધર બન્યા હોવાનું જણાવ્યું હતું. આજે સરકારશ્રી અને બનાસ ડેરી દ્વારા પશુપાલકોના હિતમાં અનેક નિર્ણયો કરાયા છે, જેમાં ઓલાદ સુધારણા, કુત્રિમ બીજદાન ટેકનોલોજી, દેશી ગાય વાછરડા પાલન માટેની યોજનાઓ ખેડૂતો માટે આશીર્વાદ સમાન હોવાનું જણાવ્યું હતું. આ સાથે રાજ્યપાલએ બનાસ સૈનિક શાળાની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું.

પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ પ્રાકૃતિક કૃષિનું અભિયાન આજે જનઆંદોલન બન્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના નેતૃત્વમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગેની માહિતી ઘર આંગણે જ ઓપન યુનિવર્સિટી માફક મળી રહી છે. પ્રાકૃતિક ખેતી ગામડાની સંસ્કૃતિ સાથેનું સીધું જોડાણ છે. રાજ્યપાલના માર્ગદર્શનમાં આજે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ દિન પ્રતિદિન વધી રહ્યો છે.

પ્રાકૃતિક કૃષિના ખેત પેદાશોના વેચાણ માટે એક ચેન ઉભી કરવામાં આવશે, જ્યા ખેડૂતો પોતાની ખેત પેદાશોના વધુ ભાવ મેળવી શકશે તથા એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### કાંકરેજના ફતેપુરા ગામના રોડ નું ધારાસભ્ય અમૃતજી ઠાકોર દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



(ગરવી તાકાત) કાંકરેજ તા.૧૪

કાંકરેજના તેરવાડા ફતેપુરા કાચો રોડ વર્ષોથી ખરાબ હાલતમાં હોવાથી ગ્રામજનો અને આગેવાનો દ્વારા કાંકરેજ ધારાસભ્ય અમૃતજી ઠાકોરને રજુઆત કરવામાં આવી હતી. ફતેપુરા અને ફતેપુરા ગામને પાકા રસ્તાથી જોડવા માટે ધારાસભ્ય દ્વારા સરકારમાં આ રોડ મંજુર કરાવતા આજે ધારાસભ્ય અમૃતજી ઠાકોરના હસ્તે ખાત. મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેરવાડા ગામના આગેવાઓ, યુવાનો અને બન્ને ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અને ધારાસભ્યશ્રી નોં આભાર માન્યો હતો.

### કોંગ્રેસી મતદાતાઓને આકર્ષવા ભાજપના ઉમેદવારોએ ચિઠોડાથી બાલેટા બાઇક રેલી યોજી



(ગરવી તાકાત) વિજયનગર તા.૧૪

વિજયનગર તાલુકાના કોંગ્રેસી ગઢ ગણાતા ચિઠોડા અને બાલેટા સીટની પેટા ચૂંટણીમાં ભાજપના મોવડી મંડળના દિગ્ગજ નેતાઓ બંને સીટો કબજે કરવા પ્રચાર માટે ચિઠોડા અને બાલેટામાં આવી પહોંચી કોંગ્રેસી મતદાતાઓને ભાજપ તરફી આકર્શવા ચિઠોડા ચોકડી થી બાલેટા સુધી ચિઠોડાના ઉમેદવાર બીજલબેન શૈલેષભાઈ બોડાત અને બાલેટા ઉમેદવાર ધૂળજીભાઈ પરમારના અંતિમ પ્રચારમાટે બાઈક રેલી યોજી હતી જ્યારે કોંગ્રેસ અને આપ પાર્ટીના ઉમેદવારો એ પણ ડોર ટુ ડોર પ્રચાર કરી રહયા છે ત્યારે જોવું એ રહયું કે કોંગેસ મત વિસ્તારમાં કયો પક્ષ મેદાન મારી જશે.

### સાબરકાંઠામાં શિક્ષકે બે કલાક સુધી સગીરા ઉપર દુષ્કર્મ આચર્યું

હિંમતનગર,તા.૧૪

સાબરકાંઠામાં વધુ એકવાર શિક્ષણ જગત શર્મસાર થયો છે. બર્થ ડે કેક કાપવાના બહાને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી સગીરા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.હિંમતનગર તાલુકાની ગ્રામ્ય શાળામાં સગીરા અભ્યાસ કરતી હતી.ઈડર રોડ ઉપર આવેલા ગેસ્ટ હાઉસમાં ધોરણ ૧૦માં અંગ્રેજી અને સંસ્કૃત ભણાવતા શિક્ષકે સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું.

દુષ્કર્મ આચરતા સગીરાની સ્થિતિ લથડતા સિવિલ હોસ્પિટલ મૂકી શિક્ષક પલાયન થઇ ગયો હતો.ત્યારે આ મામલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી છે. જણાવીએ કે, શિક્ષક વિદ્યાર્થીનીને બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઇ ગયો હતો. જ્યાં તેણે સતત બે કલાક સુધી વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરતાં વિદ્યાર્થીની તબિયત લથડી હતી. ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખાતે મૂકીને ભાગી ગયો હતો.જ્યારે સગીર વિદ્યાર્થીનીએ ઘટનાની જાણ કરી, ત્યારે ઘટનાસ્થળે પહોંચેલા પરિવારના સભ્યોએ તેમની પુત્રીને સાંત્વના આપી અને સમગ્ર ઘટના અંગે ગ્રામીણ પોલીસને જાણ કરી. આ સમગ્ર મામલે પોલીસે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપી શિક્ષકને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના સમગ્ર પંથકમાં હાહકાર મચી જવા પામ્યો છે. વાલીઓને પોતાના બાળકોને લઈને અસુરક્ષાની ભાવના અનુભવી રહ્યા છે.

### રાજકોટના જસદણમાં કૌટુંબિક ભાઇએ પોતાની બહેન પર દુષ્કર્મ આચર્યું

રાજકોટ,તા.૧૪

રાજકોટ જિલ્લાના જસદણમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક કૌટુંબિક ભાઈએ પોતાની બહેન પર દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પીડિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિત અનુસાર, રાજકોટમા જસદણમાં કૌટુંબિક ભાઈએ પોતાની બહેન પર દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ છે, પીડિતા અને આરોપી વચ્ચે મિત્રતા હતી અને તેઓ અવારનવાર ફરવા જતા હતા. આરોપીએ પીડિતાને ફોટો બતાવવાની ધમકી આપીને દુષ્કર્મ આચર્યું હતું. આરોપી અલગ-અલગ જગ્યાએ લઈ જઈને પીડિતા સાથે દુષ્કર્મ કરતો હતો તેવો પણ આક્ષેપ છે.

આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. પીડિતાને ન્યાય મળે તે માટે પોલીસ તમામ પાસાઓ પર તપાસ કરી રહી છે. પોલીસે આરોપીની ધરપકડ કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ આ કેસની ગંભીરતાથી તપાસ કરી રહી છે અને પીડિતાને ન્યાય મળે તે માટે પ્રયત્નશીલ છે.

પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. અગાઉ પણ રાજકોટમાં **SOG**ના નામે **GRD**ના પૂર્વ જવાને દુષ્કર્મ આચર્યુ. **GRD**ના પૂર્વ જવાને ત્યકતા સાથે દુષ્કર્મ આચર્યું હતું. લગ્નની લાલચ આપી હોટેલ અને ઘરે દુષ્કર્મ આચર્યુ હતું. ત્યક્તાએ સંબંધો તોડતા ફોટો અને વિડીયો વાઈરલ કર્યા હતા. સમગ્ર મામલે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. આશિષ રાવલ નામના શખ્સ સામે ગુનો નોંધાયો હતો.

## એક હેડ કોન્સ્ટેબલની સંવેદના, સતર્કતા અને ટેકનોલોજીના સમન્વય થકી બે વર્ષથી અનડિટેક્ટ ચકચારી મર્ડરનો ભેદ ઉકેલાયો

# બે બાળકોને ત્યજી દેનારો અને તેમની માતાની ક્રુરતાપુર્વક હત્યા કરનારો બીજો કોઇ નહી પરંતુ પોતાનો જ પિતા 'ઉદય' નિકળ્યો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૪

ખેડા-નડિયાદ જિલ્લામાં બે વર્ષથી અનડિટેક્ટ રહેલા મર્ડરનો ભેદ પોલીસની સંવેદના, સતર્કતા અને ટેકનોલોજીના સમન્વય થકી ઉકેલાયો છે. મહિલાની હત્યા કરીને એક માસુમ દિકરીને લાશની બાજુમાં પટકીને ચાલ્યો ગયેલો હત્યારો આખરે પકડાઇ ગયો છે. મૃતદેહની બાજુમાં તરછોડી દેવાયેલી માસુમ બાળકીનો ચહેરો અને રડમસ આંખો એક હેડ કોન્સ્ટેબલના મગજમાં ઘર કરી ગઇ હતી, તેવી જ આંખો સાથેના એક બાળકના ફોટોની ઈન્સ્ટાગ્રામમાં આવેલી એક પોસ્ટથી સમગ્ર ગુનાનો ભેદ ઉકેલાયો છે. જાણીએ તે જ હેડ કોન્સ્ટેબલના શબ્દોમાં.





હેડ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ કહે છે કે, એલ.સી.બીની ટેકનિકલ સેલમાં કામગીરી હોવાને કારણે જિલ્લામાં બનતી ઘટનાઓમાં ટેકનિકલ બાબતોમાં મદદરૂપ થવા તપાસ માટે ઘટના સ્થળે જવાનું થતુ રહેતુ હોય છે પણ તા.૦૫ મી ડિસેમ્બર-૨૦૨૨ના રોજ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલો એક મર્ડરનો બનાવ હું ક્યારેય ભુલી નથી શક્યો.

અમદાવાદ-બરોડા એક્ષપ્રેસ હાઈવે પર એક મહિલાની હત્યા કરી દેવાયેલી હાલતમાં મળેલી ડેડબોડી અને તેની બાજુમાં ઈજાગ્રસ્ત હાલતમાં રડી રહેલી ત્રણ વર્ષની માસુમ બાળકી ખુશી.

બાળકી તુટક તુટક હિન્દી ભાષામાં પોતાનુ નામ ખુશી, પપ્પાનું નામ ઉદય અને માતાનું નામ પુજા જણાવી રહી હતી અને એટલુ જ કહેતી હતી કે, ''પાપાને મમ્મી કો માર દીયા, મુજે ભી પટક કર ચલે ગયે, કનૈયા કો લેકે ચલે ગયે...''

ખુશીના આટલા શબ્દો અને તેની રડમસ આંખો મારા મગજમાંથી જતી નહતી. આ બાળકીને ખેડાના એક બાળ સંભાળ સંસ્થા ખાતે તેના યોગ્ય ઉછેર અને સારસંભાળ માટે રાખી. અમારા એસ.પી શ્રી રાજેશ ગઢીયા દરેક ક્રાઇમ કોન્ફરન્સમાં આ કેસનું સ્ટેટસ અચુક પુછતા અને તેના ડિટેક્શન માટે વિશેષ મહેનત કરવા આદેશ આપતા. બીજી તરફ અમારા પી.આઈશ્રીના માર્ગદર્શનમાં હુ અને મારા સાથીકર્મીઓ પણ સમયાંતરે આ સંસ્થાની મુલાકાત લેતા અને ખુશી સાથે સહાનુભુતિપૂર્વક થોડી વાતો કરી આડકતરી રીતે તેના પિતા કે અન્ય લિંક મળે તેવા પ્રયત્નો કરતા હતા.

આ મૃતક મહિલા અને તરછોડી દેવાયેલી બાળકીની ઓળખ તેમજ મર્ડર ડિટેક્શન માટે અમે દિવસ રાત એક કરી. બંનેના ચહેરા અને પહેરવેશ પરથી પરપ્રાંતિય હોવાનો અંદાજ લગાવ્યો અને તેમના ફોટો સાથે ગુજરાતી-હિન્દી ભાષામાં પોસ્ટર બનાવી આંતર રાજ્ય બસ-ટ્રેનોમાં આ પોસ્ટર લગાવ્યા, સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર ઓળખ માટે પ્રયત્ન કર્યા, ઘટના સ્થળના મોબાઇલ ટાવર લોકેશન કઢાવી એનાલિસીસ કર્યા પણ સફળતા ન મળી.

એક અઠવાડીયા પહેલા તા.૦૭મી ફેબ્રુઆરી-૨૦૨૫ના ઓફિસનું કામ પતાવીને સાંજે સાડા આઠ વાગ્યાના અરસામાં હુ ઘરે આવીને બેઠો હતો. મારું ઈન્સ્ટાગ્રામ સ્ક્રોલ કરતો હતો ત્યા મારી નજર સામે એક પોસ્ટ આવી. આ પોસ્ટ હતી આણંદ જિલ્લાના વાસદ પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ-બરોડા એક્ષપ્રેસ હાઈવે ઉપરથી મળી આવેલા એક બાળકની..!!! આ પોસ્ટમાં જણાવેલી વિગતો અગાઉના વર્ષ-૨૦૨૨ના ગુના સાથે સામ્યતા ધરાવતી હોય તેવુ મને લાગ્યુ.

આ બાળકનો ફોટો જોતા જ મારા મગજમાં છેલ્લા બે વર્ષથી ઘર કરી ગયેલી બાળકી ''ખુશી''ની આંખો મારી નજર સામે આવી ગઈ. આબેહૂબ તેવી જ આંખો. અને બીજી સામ્યતા હતી એ પોસ્ટની વિગત. જેમાં 'કનૈયા' અને 'ઉદય' નામનો ઉલ્લેખ હતો. મને ખુશીના શબ્દો રીકોલ થવા લાગ્યા ''પાપાને મમ્મી કો માર દીયા, મુજે ભી પટક કર ચલે ગયે, કનૈયા કો લેકે ચલે ગયે...''.

પી.આઈશ્રીને વાત કરી અને બીજા જ દિવસે વહેલી સવારે અમે તે દિકરાને આણંદના જે અનાથ આશ્રમમાં રાખ્યો હતો ત્યાં પહોંચી ગયા. તે દિકરો પણ હિન્દીમાં બોલતો હતો પરંતુ તદ્દન અસ્પષ્ટ.

આ દિકરા સાથે થોડી વાત કરીને અમે ખુશીને વિડીયો કોલ કર્યો. ત્રણ જ સેકન્ડમાં ખુશી બોલી ''કનૈયા...''.!!! બસ, કન્ફર્મ થઈ ગયુ કે આ બંને ભાઈ-બહેન જ છે. હત્યારો તેનો પિતા જ છે એ ફાઈનલ થઈ ગયુ પણ એ ક્યાં છે? અને આ દિકરાને પણ તેણે કેમ તરછોડેઐ દીધો હશે? હજુ અનેક સવાલો હતા.

દિકરા કનૈયાને ખુશી પાસે અમે લઇ ગયા. તે બંને આશ્રમમાં મસ્તી કરવા લાગ્યા. સાથે સાથે અમે પણ તેમની સાથે બાળક જેવુ વર્તન કરી મૈત્રી બનાવી. પછી કનૈયાને અમે મોબાઈલ રમવા આપ્યો. મોબાઈલ રમતા-રમતા અમે હત્યારા સુધી પહોંચવા માટે દિકરા કનૈયાને કહ્યુ કે ''પાપા કો ફોન લગાઓ બેટા....'' કનૈયાએ તેના પપ્પાનો મોબાઈલ નંબર ડાયલ કર્યો. પરંતુ આગળના પાંચ આંકડા ૯૫૮૬૨...... ડાયલ કરીને અટકી જતો હતો. તેને આટલો જ નંબર યાદ હતો...!!

ત્યાંથી નીકળીને વર્ષ-૨૦૨૨ના તે ઘટના સમયે એકત્ર કરેલા મોબાઈલ ટાવર ડેટા ડમ્પ ઉપર તપાસ ચાલુ કરી. આ પાંચ નંબર શરૂઆતમાં આવતા હોય તેવા ૪૦ નંબર મળ્યા. આ ફેમિલી પરપ્રાંતનું હોવાનો જે અંદાજ હતો તે તર્ક લગાવીને આ ૪૦ નંબર પૈકી અન્ય રાજ્યના નંબર કેટલા છે તે એનાલિસીસ કર્યુ ત્યારે તેમાથી ૪ નંબર અલગ નિકળ્યા. થર્ડ પાર્ટી એપની મદદથી આ મોબાઈલ નંબર સર્ચ કરીને યુઝરનો ફોટો શોધી કાઢ્યો અને એક બોડી બિલ્ડીંગ કરતો ફોટો સામે આવ્યો તે ફોટો ખુશી અને કનૈયાને બતાવ્યો એટલે તરત બંને બોલ્યા ''પાપા''.

આ નંબર અને ફોટોને આધારે લોકેશન સહિતની તમામ વિગતો કઢાવીને નડીયાદ પોલીસે બે વર્ષ પહેલાની હત્યા અને બે બાળકોને તરછોડી દેનાર પિતા ઉદયને અમદાવાદથી પકડી પાડ્યો અને કનૈયાને એક્ષપ્રેસ હાઈવે પર તરછોડી દેનાર તેની બીજી પત્નિને પણ પોલીસે પકડી પાડી છે.

આ બન્ને બાળકોની માતાની ક્રુરતાપુર્વક હત્યા કરનારો બીજો કોઈ નહી પરંતુ પોતાનો જ પિતા ''ઉદય'' નિકળ્યો. હાલ માતૃછાયા સંસ્થામાં બંને ભાઈ-બહેનને સાથે આનંદ કિલ્લોલ કરતા જોઈને મને ખૂબ ખુશી થાય છે.

ખેડા નડિયાદ જિલ્લાના એક હેડ કોન્સ્ટેબલે જે સંવેદના, સતર્કતા અને ટેકનોલોજીના સમન્વય થકી ચકચારી હત્યા કેસનું ડિટેક્શન કર્યુ છે તે બદલ તેમને અને તેમની સમગ્ર ટીમને રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે અભિનંદન પાઠવ્યા છે.

## શંકરભાઇ ચૌધરીના દૂરદર્શી નિર્ણય થકી પશુસવર્ધનમાં ઉતરોઉતર પ્રગતિ થઈ રહી છે

# એશિયાની સૌથી મોટી બનાસ ડેરીએ ભીલડી ખાતે ૨૦૦ વીઘા જમીનમાં BBBRC,BMF અને ET જેવા પ્રોજેક્ટની શરૂઆત કરી

(ગરવી તાકાત) વાવ તા.૧૪

એશિયા ખંડની સૌથી મોટી ડેરી બનાસડેરીના ચેરમેનશ્રી શંકરભાઇ ચૌધરીના દૂરદર્શી નિર્ણય થકી પશુસવર્ધનમાં ઉતરોઉતર પ્રગતિ થઈ રહી છે.જેના ભાગ રૂપે બનાસસડેરીએ ભીલડી ખાતે ૨૦૦ વીઘા જમીનમાં **BBBRC,BMF** અને અને **ET** જેવા પ્રોજેક્ટ ની શરૂઆત કરી છે.



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

બનાસ ડેરી સતત પશુઓ માટે ચિંતા કરતી હોય છે ત્યારે પશુઓને સારા કૃત્રિમ બીજદાન મળી રહે એ માટે હવે ઈમ્પોર્ટએડ એચ.એફ બુલ, ઉચ્ચ વંશવાલી વાળા ભેંસ અને કાંકરેજ બુલના ડોઝ મળતા થયા છે.

શું છે ઈમ્પોર્ટએડ એચ.એફ બુલના ડોઝ ના ફાયદાઓ.?

(આ સાંઢ ની માતાનું વેતર નું દૂધ ૧૫૦૦૦ થી ૧૮૦૦૦ લીટર હોય છે.

આ ડોઝના લિધે ૪૦થી ૫૦ લિટર દૂધ આપતી ઉચ્ચ ઓલાદ દુધ વાળી એસ.એફ વાછરડી નો જન્મ થયો છે.

દૂધ હરીફાઈ અને સાંઢ પસંદગી લીધે પશુ ની મુલ્ય વધ્યું છે ટુંક ગાળામાં ઉચ્ચ ઓલાદ વાળા પશુના ફાર્મ નો વિકાસ થાય છે.)

વધુ ગરવી તાકાત ન્યુ ના પત્રકાર ભરત ચૌધરીએ ટેલિફોન દ્વારા વાતચીત કરતા બનાસડેરી ના **Dr A .k.chaudhary** દ્વારા કહેવામાં આવ્યું હતું કે બનાસડેરી દ્વારા આ ઈમ્પોર્ટએડ એચ.એફ. બુલના ડોઝ હવે આપણી બનાસડેરી માં મળતા થયા છે જેથી કરીને પશુઓને ઘણું બધું ફાયદો થયો છે પહેલાં આ ડોઝ પ્રાઈવેટ માં મળતા હતા તેમની કિંમત ૨૦૦૦,થી ૩૦૦૦, હજાર હતી જેથી કરીને કોઈ પશુપાલન આ ડોઝ નું ઉપયોગ ન કરતા હતા પણ હવે આપણી બનાસ ડેરી ના ચેરમેન શ્રી શંકરભાઈ સાહેબ ના સતત પ્રયત્નોથી હવે આપણી બનાસડેરી માં આ ડોઝ મળતા થયા છે. અને વધુ માં તમને જણાવ્યું હતું કે આ ડોઝ પ્રાઈવેટ લોકો પાસે પશુઓને ન મુકાવવું જોઈએ.

સેક્સ સોર્ટએડ ડોઝ ના લીધે ૯૦% વાછરડી અને પાડી નો જન્મ થાય છે. બહારથી ડોઝ મુકવાથી પશુઓમાં રોગ આવવાની શક્યતાઓ રહેલી હોય છે. આપણા ડોઝથી પશુઓ ની ગાભણ થવાની ટકાવારી ઊંચી છે.'આજની પાડી કે વાછરડી એ આવતી કાલની ઉચ્ચ ઓલાદની ગાય કે ભેંસ છે.'

Volume : 10 Issue : 314 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002